VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# આધુનિક મહાકાવ્ય તરીકે "भार्गवीयम्"

## ડૉ. નૈતિકકુમાર જે. પ્રજાપતિ

Ph.D, M.A, B. Ed In Sanskrit
દૂરવાણી ક્રમાંક - 9624254223
ઈ-મેઈલ – prajapati.naitik51@gmail.com

## આધુનિક સંસ્કૃત મહાકાવ્ય

કાવ્ય એ જીવનની સંપૂર્ણ અભિવ્યક્તિ છે. સાચો કવિ માનવ જીવનના દરેક સુખ અને દુઃખની ઓળખ આપે છે અને અસરકારક ભાષામાં પણ માનવ જીવનના ગૌરવપૂર્ણ પાસાઓને વ્યક્ત કરે છે. તેમની કવિતામાં હૃદય સ્પંદિત થાય છે. અને આંતરિક અસ્તિત્વની મૂક વેદના તેની સંપૂર્ણ અને પ્રભાવશાળી અભિવ્યક્તિ પ્રાપ્ત કરે છે. ભારતીય સંસ્કૃતિ અને લોક જાગૃતિના અદ્ભૂત સંસ્કૃત કવિ, તાત્કાલિક જીવન પરંપરાની તપાસ કરે છે. અને તેનું સાચું વર્ણન રજૂ કરે છે.

મમ્મટે કાવ્યપ્રશકાશમાં કાવ્યની રચના કવિ શા માટે કરે છે તેનું વર્ણન કરતાં તે એક કારિકામાં જણાવે છે કે, काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये। सद्यः पर निर्वृत्तये कान्ता सम्मिततयोपदेश युजे।। સાહિત્યદર્પણકારે કાવ્યના લક્ષણો બતાવતા કહ્યું છે - 'वाक्यं रसात्मकं काव्यम्', એટલે કે કાવ્ય એ છે જેમાં રસ હોય. મહાકાવ્ય એ સાહિત્યની વિવિધ વિદ્યાઓમાં સૌથી કાલ્પનિક કાવ્યાત્મક સ્વરૂપ છે. મહાકાવ્ય એ જીવનના સર્વાંગી રૂપને પ્રતિબિંબિત કરતી કવિતાની એક ઉત્તમ વ્યવસ્થા છે. જેમાં એક જાતિ અને દેશનો સાંસ્કૃતિક વારસો સચવાય છે. મહાકાવ્યમાં મનુષ્ય તેની સંપૂર્ણતામાં માણસની રજૂ કરે છે. તેનો મૂળ પાયો ઇતિહાસ અને પુરાણ છે. કારણ કે ઇતિહાસ અને પુરાણો બંને જીવન અને જગતને મહાન સ્વરૂપ પર દર્શાવવામાં આવ્યા છે. મહાકાવ્યનું બીજું નામ સર્ગબદ્ધ જોવા મળે છે.

આધુનિક સમયમાં મહાકાવ્ય લેખનને સમકાલીન ભારતીય ભાષાઓના સાહિત્ય કરતાં વધારે પ્રશંસા મળી છે. આધુનિક કવિઓએ પ્રાચીન આચાર્યોની લાક્ષણિકતાઓને અનુસરવામાં થોડી સ્વતંત્રતા લીધી છે, પરંતુ તેમનું અનુસરણ પણ કર્યું છે. આમ, એક તરફ પરંપરાગત રૂઢીચુસ્ત સંકેતો અનુસાર મહાકાવ્યો લખવામાં આવ્યાં અને બીજી બાજુ પરંપરાના આગ્રહથી મુક્ત થઈને પણ પરંપરાગત મહાકાવ્યોની રચના કરવામાં આવી છે. આધુનિક સમયમાં મહાકાવ્ય-શૈલીના લેખનને સંસ્કૃતમાં વધુ પ્રસંશા મળી છે. આનાં ઘણાં કારણો માની શકાય છે.

1. કેટલાક મહાપુરુષોના મહત્ત્વપૂર્ણ ચરિત્રના ગુણગાન કરીને પોતાની વાણીને સાર્થક બનાવવી.
2. તેમની સાથે સ્વયંને જોડીને સાહિત્યિક વિશ્વમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી.
3. મહાકાવ્ય લખીને એક મહાન કવિ તરીકે સ્વીકૃતિ મેળવવી (જ્યારે એવો કોઈ સિદ્ધાંત નથી કે મહાકાવ્યની રચના કરનાર મહાન કવિ હોય છે.)
4. પોતાના કવિત્વને ઓપ વિસ્તૃત આયામમાં પ્રસ્તુત કરીને ચમત્કારોનું નિદર્શન કરવું.

આધુનિક સંસ્કૃત મહાકાવ્યોની રચના વિવધ વિષયોને લઈને નિરન્તર થઈ રહી છે. અનેક મહાપુરુષોં, રાજાઓ, દેશભક્તો, બલિદાનીઓ. સમાજસુધારકો, સંતો, વીરાંગનાઓ, મહિલાઓ તથા દર્શન આદિ વિષયોં પર અનેક મહાકાવ્યો દૃષ્ટિગોચર થાય છે. તેમની પ્રમુખ વિશેષતાઓ નીચે મુજબ છે.

સંસ્કૃત મહાકાવ્યોનો મુખ્ય વૈશિષ્ટ્યએ છે કે તે જન-સાધારણના મનોભાવોનાં હૃદયની વૃત્તિઓના વિભિન્ન દશાઓમાં ઉત્પન્ન થવા વાળા માનસિક વિકારોનું ચિત્રણ અત્યન્ત સરળ અને સરસ ભાષામાં પ્રસ્તુત કરે છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

આધુનિક સંસ્કૃત મહાકાવ્યોમાં દર્શનને પણ વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. જગતના મૂળ તત્ત્વો તથા દાર્શનિક સમસ્યાઓનું સમાધાન મહાકાવ્યોની વિશિષ્ટતા રહી છે. સંસ્કૃતના કવિઓ વિભિન્ન દેવોના પ્રત્યે શ્રદ્ધા રાખતા હતા. તેમાં કાલિદાસ તથા ભારવિ શૈવ હતા તો માઘ તથા શ્રીહર્ષ વૈષ્ણવ હતા.

મહાકાવ્યોની એક વિશેષતા એ પણ છે કે મહાકાવ્યમાં નાયક દેવતા, રાજા અથવા સદ્વંશીય ક્ષત્રિય હોવા જોઈએ. અહીં દેવતા શબ્દથી દેવતા તુલ્ય વ્યક્તિ માટે પણ લઈ શકાય છે. વર્તમાન યુગમાં રાજાઓનું સ્થાન રાજનીતિજ્ઞ નેતાઓએ લઈ લીધું છે. તથા તેમના માટે ક્ષત્રિય હોવાની અનિવાર્યતા નથી. પણ તેમના પુરુષ હોવાનું પણ અનિવાર્ય નથી. એક નાયિકાને પણ એક નાયિકાના રૂપમાં ચિત્રિત કરવીએ પણ આધુનિક મહાકાવ્યની વિશેષતા છે.

## ‘भार्गवीयम्’ મહાકાવ્યનો સંક્ષિપ્ત પરિચય

એકવીસમી સદીના સંસ્કૃત મહાકાવ્યોમાં 'भार्गवीयम्' એ વિશ્વની સંસ્કૃત સાહિત્યની એક સૌથી ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ છે. જે મહાકાવ્યના લાક્ષણિક વિષયોથી ભરપૂર છે. અને પ્રતિપાદ્ય વિષયની ભાવપક્ષીય અને કલાપક્ષીય રચનાચાતુરીથી ઓતપ્રોત અને મૂલ્યગર્ભિત આ રચના સામાન્ય લોકો માટે પણ ઉપાદેયતા કારક હોય તે માટે આ કૃતિનું વ્યવસ્થિત સાહિત્યિક અધ્યયન પણ જરૂરી છે. કોઈપણ કવિ વ્યક્તિગત જીવનના અનુભવો, સમકાલીન પરિસ્થિતિઓ અને પડકારરૂપ સમસ્યાઓથી પ્રભાવિત થયા વિના કાવ્યની રચના નથી કરતા તેથી 'भार्गवीयम्' આ અર્થમાં આજનું અધ્યેતવ્ય મહાકાવ્ય છે. આ રચનાને સાહિત્ય અકાદમી નવી દિલ્લી દ્વારા વર્ષ 2010 ના સાહિત્ય અદાકમી પુરસ્કાર દ્વારા પણ પુરસ્કૃત કરવામાં આવી છે.

પ્રો. મિથિલા પ્રસાદ ત્રિપાઠીનું મહાકાવ્ય 'भार्गवीयम्' 32 સર્ગોમાં વહેંચાયેલું છે. અને ત્યાં 1680 શ્લોકો છે. તેના નાયક પરશુરામ છે. ભૃગુગોત્રીય ઋષિઓના જીવનદર્શન પર કેન્દ્રિત આ મહાકાવ્યના પ્રથમસર્ગમાં મહર્ષિ ભૃગુનું ચરિત્ર, બીજા સર્ગમાં ચ્યવન ઋષિના જન્મની કથા, ત્રીજા સર્ગમાં ચ્યવન ઋષિનો અલૌકિક પ્રભાવ, ચતુર્થ સર્ગમાં ચ્યવન ઋષિનું ચરિત્ર, પાંચમા સર્ગમાં રૂરૂ ઋષિનું ચરિત્ર, છઠ્ઠા સર્ગમાં શુક્રાચાર્યનું ચરિત્ર, સાતમા સર્ગમાં માર્કણ્ડેયચરિત, આઠમા સર્ગમાં દધીચિ ચરિત, નવમામાં ઔર્વચરિત, દસમામાં જમાદગ્નિકથા, અગિયારમાં પરશુરામ જન્મ કથા, બારમામાં પરશુરામ વિદ્યારાધનકથા, તેરમામાં પરશુરામ પરાક્રમ, ચૌદમામાં પરશુરામ વિદ્યાગમ, પંદરમામાં જમદગ્નિકોપ, સોળમાં જામદગ્નિચરિત, સત્તરમાં પરશુરામને પિતા પાસેથી આશીર્વાદની પ્રાપ્તિ, અઢારમાં કર્તાવીર્યનું ચરિત્ર, ઓગણીસમામાં સુચન્દ્ર વધ, વીસમામાં કાર્તવીર્યવધ, એકવીસમામાં ગણપતિની મિત્રતા, બાવીસમામાં જગદગ્નિનો સંસ્કાર, ત્રેવીસમામાં પરશુરામની મિત્રતા, ચોવીસમામાં પરશુરામ ક્ષેત્રનું નિર્માણ, પચ્ચીસમામાં પરશુરામ ક્ષેત્રનું વર્ણન, છવ્વીસમામાં પરશુરામકૃત નવદેશનિર્માણ, સત્તાવીસમામાં અમ્બાચરિત, અઠ્ઠાવીસમામાં ગુરૂશિષ્ય સંગર, ઓગણત્રીસમામાં પરશુરામ વિદ્યાપ્રદાન, ત્રીસમાં સર્ગમાં વિદ્યાગ્રહણ, એકત્રીસમાં શ્રીરામ અને પરશુરામનો સમાગમ તથા બત્રીસમામાં શ્રી રામસ્તુતિનું વર્ણન છે.

## ‘भार्गवीयम्’ માં મહાકાવ્યના લક્ષણોની ચરિતાર્થતા

મહાકાવ્યના લક્ષણોમાં **‘भार्गवीयम्’** માં કેટલા લક્ષણો લક્ષણો ચરિતાર્થ થાય છે, તે જોઈએ.

મહાકાવ્યની શરુઆત નમસ્કારાત્મક છે. તેમાં નારાયણ, શ્રીરામ, શંકર ભગવાન અને સરસ્વતીદેવીને નમસ્કાર કરીને પ્રથમસર્ગની શરૂઆત કરી છે.

મહાકાવ્ય સર્ગબદ્ધ રચાયેલું હોવું જોઈએ. તો તે દૃષ્ટીએ ભાર્ગવીયમ્ મહાકાવ્ય 32 સર્ગોમાં વહેચાયેલું છે. તેમાં એક હજાર છસો બાણુ (1692) શ્લોકો છે. ચોથો સર્ગ સૌથી ટૂંકો છે. અને અઢારમો સર્ગ સૌથી લાંબો છે. અને તેમાં અને પ્રત્યેક સર્ગનું નામ તેના મધ્યવર્તી વિષયને આધારે જ આપેલા છે. જેમકે પ્રથમ સર્ગમાં ભૃગુઋષિના ચરિત્રની વાત કરી છે. તો આ સર્ગનું નામ પણ ભૃગુચરિતમ્ આપવામાં આવેલું છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

મહાકાવ્યનું કથાવસ્તુ સજ્જનના ચરિત્રને લગતું હોવું જોઈએ. એમ કહેવામાં આવ્યું છે. ત્યારે આ મહાકાવ્યમાં પણ મહર્ષિ ભૃગુના વંશને જ મુખ્યત્વે દર્શાવવામાં આવ્યો છે. જેમાં મહર્ષિ ભૃગુ, ચ્યવન, રૂરૂ, શુક્ર, માર્કન્ડેય, ઔર્વ, ઋચિક, જમાદગ્નિ, પરશુરામ વગેરે ભૃગુવંશીઓના જીવન-પ્રસંગો અને મુખ્ય પ્રસંગોનું વર્ણન કરીને આદર્શ જીવન અને ગુણો, નૈતિકતા, વર્તન વગેરે સદ્ગુણોના આદર્શને સ્થાપિત કર્યા છે. તથા તેમની ઉપાદેયતા પણ સ્પષ્ટ કરી છે.

ભાર્ગવીયમ્ મહાકાવ્યના નાયક તરીકે પરશુરામને વર્ણવવામાં આવ્યા છે. અને અન્ય ઉચ્ચ પાત્રોએ આ મહાકાવ્યની ભવ્યતા પ્રદાન કરી છે. નાયક તરીકેની પરશુરામે ઉચ્ચરીતે દર્શાવવામાં આવ્યા છે.

મહાકાવ્યમાં શૃંગાર, વીર અને શાંતમાંથી કોઈ એક રસ મુખ્ય હોવો જોઈએ. તે લક્ષણને જોતાં પ્રસ્તુત મહાકાવ્યમાં પણ વીરરસ મુખ્ય છે. અને તેમાં યથાસ્થાને જુદા જુદા રસોનું પણ નિરૂપણ જોવા મળે છે. અને મહાકાવ્યમાં સંવાદ પણ સરળ છે.

આમ, ત્રિપાઠીજીકૃત ભાર્ગવીયમ્ મહાકાવ્યનો અભ્યાસ કરતાં જણાય છે કે આલંકારિકોએ નક્કી કરેલા મહાકાવ્યના લક્ષણો ભાર્ગવીયમ્ માં મહદ્ અંશે જળવાયાં છે. તેમજ ત્રિપાઠીની આધુનિક શૈલીની છાપ અને આધુનિક મહાકાવ્યની છાપ વાચકના ચિત્તમાં અંકિત થઈ જાય છે.

## સંદર્ભગ્રન્થ

1. मम्मट – 'काव्यप्रकाश' 1/2, सं. डॉ.नगेन्द्र, ज्ञानमण्डल लि.वाराणसी 1960
2. 'साहित्यदर्पण' आलोचनात्मक अध्यन – डॉ.जयकिशनप्रसाद खण्डेलवाल,- विनोद पुस्तक मन्दिर,आगरा
3. प्रो.मिथिला प्रसाद त्रिपाठी प्रणीत ''भार्गवीयम्'' संस्कृत महाकाव्य

http://vidyajournal.org